VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ‘પગલું માંડું હું અવકાશમાં’:સમીક્ષાત્મક અભ્યાસ

## મેઘા પંચાલ

રિસર્ચ સ્કોલર,
ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
Email id : megha.panchal2003@gmail.com

ગુજરાતી નારી લેખક દ્વારા લખાયેલી આત્મકથાઓમાં હિમાંશી શેલતની 'મુક્તિવૃતાંત' પછી વર્ષા અડાલજાની ઈ.સ.2022માં 'પગલું માંડું હું અવકાશમાં' ઉલ્લેખનીય આત્મકથા છે. આ આત્મકથા નિમિત્તે લેખિકાનું અંતરંગ જીવન અને સાહિત્ય સર્જન યાત્રાનો સુપેરે પરિચય થાય છે.વળી આ સચિત્ર આત્મકથા છે.

'પગલું માંડું હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ'

કવિ મકરંદ દવે ની કાવ્ય પંક્તિનો અને 'સંસારે મુજ મુગ્ધ ભ્રમણ' કવિ રાજેન્દ્ર શાહની કાવ્યપંક્તિનો ઉપયોગ કરી લેખિકા પોતાની આત્મકથાનું શીર્ષક રાખે છે જે અન્ય સર્જકો કરતા નોખા તરીકે આવે છે. લેખિકા 83વર્ષની વયે એટલે કે જીવનના ઉત્તરાર્ધમાં આ આત્મકથા લખી  છે. તેમને અવકાશ તરફ પગલું માંડતા પહેલા આ સંસારનું, પોતાના સ્વજનોની સ્મૃતિનું મુગ્ધ ભ્રમણ કરવું છે. લેખિકાને આ આત્મકથા દ્વારા કોઈ દુઃખના રોદણા રડવા નથી તેમને તો માત્ર ને માત્ર પોતાના સ્વજનો જે ભવસાગરને પેલે પાર પહોંચી ગયા છે તેમની સ્મૃતિને વાગોળીને 'સ્વ'નું આલેખન કરવું છે.

વર્ષા અડાલજાનો જન્મ 10-એપ્રિલ-1940ના રોજ મુંબઈમાં,તેમના પિતા ગુજરાતી સાહિત્યમાં 'સાગરખેડુ' નામે ખ્યાતનામ સાહિત્યકાર ગુણવંતરાય આચાર્ય,તેમના માતા સામાન્ય ગૃહિણી પણ પરિવાર માટે ઢાલ સમાન ,તેમના ત્રણ ભાઈ-બહેન પૈકી મોટાભાઈ શિશીરભાઈ, બિંદુ બહેન,ઈલા બહેન.ઇલાબહેન ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ લેખિકા,તેઓ જ્ઞાતિએ વડનગરા નાગર બ્રાહ્મણ,તેમના દાદા અંગ્રેજોના સમયના પોલીસ સુપ્રિટેન્ડન્ટ. તેમના પિતા ગુણવંતરાય ત્રીશીના ગાળામાં નાગર બ્રાહ્મણ જ્ઞાતિની બહાર બ્રાહ્મણ જ્ઞાતિમાં જ લગ્ન કરે છે તે પણ પાછું રજીસ્ટર્ડ. આથી તેમને નાત બહાર કાઢી મૂકવામાં આવે છે. તેથી ગુણવંતરાય પોતાનું વતન જામનગર છોડી મુંબઈ આવે છે.મુંબઈ વિભાજનના સમયે હુલ્લડો ફાટી નીકળતા તેઓ જામનગર વસવાટ કરે છે.જામનગરમાં પિતાની તબિયત લથડતાં તેઓ રાજકોટ અને પછી પુન: મુંબઈ વસવાટ કરે છે.

લેખિકા ત્રણે ભાઈ બહેનો પૈકી ભણવામાં નબળા પરંતુ નાટ્ય પ્રવૃત્તિમાં સબળા. તેમણે નાની વયથી જ નાટકમાં મુખ્ય પાત્રોના રોલ ભજવ્યા છે. કોલેજકાળ દરમિયાન તે 'કાકાની શશી', 'ઝેર તો પીધા છે જાણી જાણી', 'ઢીંગલીઘર' જેવા ઉત્તમ નાટકમાં મુખ્ય ભૂમિકા નિભાવતા હોય છે અને ક્યારેય પ્રેક્ષકગણમાં દર્શક, ક.મા.મુનશી, લીલાવતી મુનશી બેઠા હોય અને નાટકના અંતે તેમની શાબાશી મળતી હોય, તો બીજી બાજુ ઘરેથી પણ આવી પ્રવૃત્તિમાં જોડાઈ રહેવાનું પ્રોત્સાહન પ્રાપ્ત થતું હોય, તેમને માતા તરફથી એવું ક્યારેય સાંભળવા ન મળતું કે,

'રસોઈ કરતા નહીં આવડે તો સાસરે જઈને શું કરશો?'[1]

ઉપરથી તેમના પિતા કહેતા કે, 'નહીં આવડે તો કંઈ નહીં! ઈટ ઈઝ ધૅર પ્રોબ્લેમ, નૉટ અવર્સ'[2]

---

[1] લે. અડલજા,વર્ષા,પુ.‘પગલું માંડું હું અવકાશમાં’,પૃ.૧૧૩

[2] એજન

http://vidyajournal.org

અહીં આપણે જોઈ શકીએ કે માતા-પિતાના વિચારો સંતાનને પોતાના ગમતા વિષયમાં રસ લેવાનું સૂચવે છે. તેમના પિતા કહેતા કે વધારે તો નહીં તમારી પાસે એક ડિગ્રી તો હોવી જ જોઈએ. આથી લેખિકા એમ.એ. સુધી અભ્યાસ કરે છે. પછી રેડિયો એનાઉન્સર તરીકે નોકરી કરે છે. તેમની પસંદના યુવાન મહેન્દ્ર સાથે તેમના લગ્ન ઈ.સ.1965માં થાય છે.મહેન્દ્રના માતાને આ લગ્ન મંજૂર ન હતા. તેથી તેઓ તેમનું પોતાનું અલગ ઘર વસાવે છે. ઘર વસાવવામાં તેમને ઘણી મૂંઝવણો થાય છે. પરંતુ પરિસ્થિતિમાંથી કંઈક નવુ શીખી તે ધીરે ધીરે બધું જ શીખી જાય છે. પિતાના અવસાન પછી લેખન કાર્ય શરૂ કરે છે. સૌપ્રથમ કટાર લેખન અને ત્રણ ચાર વાર્તાઓ લખે છે. પતિના પ્રોત્સાહનથી નવલકથા લખતા થાય છે. તેઓ મહદંશે પોતાની કૃતિઓનું કથાવસ્તુ પોતે જોયેલી,જાણેલી,માણેલી,જીવેલી જિંદગીમાંથી પસંદ કરે છે. સાહિત્ય સર્જન માટે તેઓ ગામડાઓમાં, આદિવાસીઓના ઘરે, જેલમાં વગેરે જગ્યાઓએ પ્રવાસ કરે છે. તે માટે તેમના પતિની ક્યારેય રોકટોક નહીં. ઉપરથી તેમની બંને દીકરીઓની સંભાળ પણ તેમના પતિ રાખે છે તેમના પતિ આઈ.સી.યુમાં હતા. ત્યારે લેખિકાને કહે છે,

'મારે તને મુક્તિ આપવી છે' [3]

આ લેખિકાને મન કિંમતી ભેટ હતી. પતિના અવસાન પછી લેખિકા ઘરમાં એકલતા અનુભવે છે. પરંતુ તે પોતાની જાત માટે નિર્ણય કરે છે કે,

'હું એકલી નથી, હું મારી સાથે છું. હવે હું મારા માટે જીવીશ.' [4]

લેખિકા પતિના મૃત્યુને સહીને પણ પોતાની જાતને સંભાળી લે છે.લેખિકાએ ઘણી જગ્યાઓએ પ્રવાસ કર્યા છે. ઉપરાંત તેમના દ્વારા લખાયેલી 'પાંચ ને એક પાંચ', 'તિમિરના પડછાયા', 'મારે પણ એક ઘર હોય', 'રેત પંખી', 'આતશ' 'ક્રોસ રોડ' જેવી નવલકથાઓને અનેક પુરસ્કારથી નવાજવામાં આવી છે. લેખિકા સાહિત્ય અકાદમી દિલ્હી, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પદે રહીને પણ સાહિત્યની વિપુલ માત્રામાં સેવા કરે છે. લેખિકા આજ દિન સુધી ઉત્તમ સાહિત્યનું સર્જન કરતા રહ્યા છે.

આ આત્મકથામાંથી પસાર થતાં એટલું તો અવશ્ય કહી શકાય કે અહીં લેખિકા ને પોતાના પારિવારિક સંબંધો એ ખીલવા દીધા છે અને જરૂર હોય ત્યાં ખાતરનું પણ સિંચન કર્યું છે. કોઈપણ વ્યક્તિના ઘડતર પાછળ તેના માતા-પિતાનો તો ફાળો હોય જ છે પરંતુ લેખિકાના જીવનમાં માતા-પિતા ઉપરાંત, પતિ, ભાઈ-બહેન, ગુજરાતી સાહિત્યના મોટા ગજાના સર્જકો જેવા કે ક.મ.મુનશી,દર્શક,ચં.ચી.મહેતા,રમેશ પારેખનો ઉપરાંત મુંબઈ જેવા શહેરનો, સાહિત્યિક સંસ્થાઓનો, મિત્રોનો ફાળો પણ અમૂલ્ય રહ્યો છે. લેખિકાએ પોતાના સ્વજનોની સ્મૃતિને વાગોળીને 'સ્વ'ને આલેખવાના પ્રયત્નો સુપેરે કર્યા છે. પરંતુ મને અહીંયા ક્યાંક સર્જકનું આંતર વ્યક્તિત્વ દબાઈ જતું જોવા મળે છે. આત્મકથામાં જે 'હું'નું નિરૂપણ હોય તે કંઈક ઓછું આલેખાયેલું જોવા મળે છે. આ ઉપરાંત શરૂઆતથી વાંચતા આત્મકથામાં સળંગ સૂત્રતા જળવાતી નથી.તેમ છતાં આ આત્મકથામાં લેખિકાએ પોતાના જીવનના વિવિધ પાસાઓને ભાવક સમક્ષ મૂકી આપ્યા છે. આ આત્મકથા સ્ત્રીને સ્ત્રી તરીકે ખીલવા દેવી જોઈએ. જેથી સમાજમાં તે પોતાની આ આગવી પ્રતિભા ઊભી કરી શકે એવી પ્રેરણા સમાજને આપે છે

## સંદર્ભ ગ્રંથ

1. અડાલજ,વર્ષા:'પગલું માંડું હું અવકાશમાં',આર.આર.શેઠ,અમદાવાદ,પ્ર.આ.૨૦૨૨

[3] એજન,પૃ.૨૭૯

[4] એજન

http://vidyajournal.org